# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે ૭૦ લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર..
- ઉના અને રતનમહાલમાં નવી જંગલ સફારી જ્યારે કચ્છમાં ચીત્તાનું બ્રીડીંગ સેન્ટર શરૂ કરાશે.
- રાજ્ય સરકાર દ્વારા આવતા વર્ષ સુધીમાં 64 સરકારી ગ્રંથાલયો શરૂ કરવાની જાહેરાત- રાજ્યના પાંચ પુસ્તકાલયો અને ગ્રંથપાલોને ઉત્તમ ગ્રંથાલય અંગેના પારિતોષિકથી સન્માનિત કરાયા..
- રાજ્યભરમાં આજથી નારી વંદન સપ્તાહ અને વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીનો પ્રારંભ.
- આવતીકાલથી પાંચ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી- દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જીલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના..

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAGHVJI PATEL- KHARIF PAK

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૦ ટકાથી વધુ નોંધાયો છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે મોટા પાયે ખરીફ પાકનું વાવેતર કરાયું છે. મંત્રીશ્રીએ રાજ્યમાં વાવેતરની વિગતો આપતા આ મુજબ જણાવ્યું...

## (બાઇટ- રાઘવજી પટેલ)

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૭૪ લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર થયું હતું. રાજ્યમાં છેલ્લા 3 વર્ષના કુલ સરેરાશ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૮૧ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થઇ ગયું છે.

# CHANDIPURA VIRUS UPDATE

રાજ્યમાં જૂનથી 31 જુલાઈ, 2024 સુધીમાં 51 કેસોમાં ચાંદીપુરા વાઇરસની પુષ્ટિ થઈ છે. રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, 15થી ઓછી વયના બાળકોમાં એક્યુટ એન્કેફેલાઇટીસ સિન્ડ્રોમના કેસ નોંધાયા છે, જેમાં રાજ્યના 24 જેટલા જિલ્લાઓમાં કુલ 140 કેસ નોંધાયા છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ 59 બાળકોના મૃત્યુ થયા છે.

આરોગ્ય વિભાગ, રાષ્ટ્રીય રોગ નિવારણ કેન્દ્ર તેમજ ભારતીય તબીબી સંસોધન સંસ્થાન દ્વારા સંયુક્ત રીતે સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણની કચેરીઓ સહિત વિવિધ રાજ્યોના સંબંધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

રાજ્ય સરકારને જાહેર આરોગ્ય ક્ષેત્રે પગલાં લેવામાં મદદરૂપ થવા તેમજ રોગચાળાની તપાસ માટે રાષ્ટ્રીય સંયુક્ત આફત નિવારણ પ્રતિક્રિયા ટીમની રચના કરવામાં આવી છે.

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના વસ્તડી ગામે ચાંદીપૂરા વાયરસને કારણે દસ વર્ષના એક બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે.. જિલ્લામાં દસાડા,ચુડા, મૂળી, ધ્રાંગધ્રા અને વઢવાણ તાલુકામાં વાયરસ દેખાતા હાલ આરોગ્ય શાખાની ટીમો દ્વારા સર્વેલન્સ, કાચા મકાનોની દિવાલોમાં દવાનો છંટકાવ તેમજ ગ્રામજનોને જાગૃત કરવા સહિતની કામગીરી કરવામાં આવી રહી છે

# MULUBHAI BERA- PRAVASAN

રાજ્યમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા હેતુથી વધુ કેટલાક પ્રવાસન સ્થળોએ જંગલ સફારીને માન્યતા આપવામાં આવી છે. જેમાં ઉનામાં તેમજ રતનમહાલમાં નવી જંગલ સફારી અને કચ્છમાં ચીત્તાના બ્રિડિંગ સેન્ટરને મંજૂરી આપવામાં આવી છે. કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ વધુમાં આ મુજબ જણાવ્યું..

## (બાઇટ- મૂળુભાઇ બેરા)

# MULUBHAI BERA- LIBRARY

**ગાંધીનગર ખાતે સાંસ્કૃતિક મંત્રી મૂળૂભાઇ બેરાના અધ્યક્ષસ્થાને યોજાયેલા એક કાર્યક્રમમાં રાજ્યના પાંચ પુસ્તકાલય અને ગ્રંથપાલોને સ્વ. શ્રી મોતીભાઇ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્રથી સન્માનિત કરાયા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયના ૩૩**

**જિલ્લા અને ૮૫ તાલુકા મથકોએ સરકારી ગ્રંથાલયો કાર્યરત છે અને આવતા વર્ષ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા 64 સરકારી ગ્રંથાલયો શરૂ કરાશે.**

તેમણે વધુમાં જણાવ્યું કે, ગત વર્ષે **રાજ્યમાં ૧૦ જિલ્લા મથકો ખાતે સ્માર્ટ ગ્રંથાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ વર્ષે ભાવનગર, ભુજ અને અમરેલીમાં સ્માર્ટ ગ્રંથાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.**

# NARI VANDAN SPTAH

રાજ્યભરમાં આજથી નારી વંદન સપ્તાહની ઉજવણીનો શુભારંભ કરાયો છે. આઠ ઓગસ્ટ સુધી ચાલનારા આ સપ્તાહ દરમિયાન તમામ જિલ્લાઓમાં સ્વરોજગાર મેળા, મહિલા સન્માન સમારોહ, કાયદાકીય જાગૃતિ જેવા વિવિધ સેમિનાર યોજાશે.

આ સપ્તાહ અંતર્ગત **વડોદરા જિલ્લાના** દરજીપુરા ખાતે મહિલા સુરક્ષા, સ્વરક્ષણ, સાયબર ક્રાઇમ અને અન્ય બાબતો વિશે કાર્યક્રમના આયોજન ઉપરાંત  રાખી મેળા મહોત્સવનો પણ પ્રારંભ થયો છે. જિલ્લાની ઉદ્યમી અને સ્વાવલંબી મહિલાઓને યોગ્ય બજાર મળે તે માટે આ મેળામાં ભાતીગળ હસ્તકલાનું પ્રદર્શન અને  વેચાણ પણ કરાશે.

**પંચમહાલ** જિલ્લાના ગોધરા ખાતે આજે બેટી બચાવો, બેટી પઢાવો' ના સુત્રોચાર સાથે મહિલા સુરક્ષા રેલીનું આયોજન કરાયું, જેમાં જિલ્લા કલેકટર, જિલ્લા પંચાયતના પ્રમુખ, તેમજ મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા.

**મહિસાગર** જિલ્લા કલેકટરે લુણાવાડા ખાતેથી મહિલા રેલીને લીલી ઝંડી આપી હતી.

**સાબરકાંઠા**ના ખેડબ્રહ્મામાં પોલીસ વિભાગ તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે મહિલા રેલી દ્વારા ‘મહિલા સુરક્ષા દિવસ’

ની ઉજવણી કરવામાં આવી. જેમાં કાયદાકીય જાગૃતિ, સાયબર ગુનો, શી ટીમ તથા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન એપ્લિકેશન અંગે માર્ગદર્શન અપાયું..

બીજી તરફ **મહેસાણા અને વલસાડમાં** મહિલા સુરક્ષા રેલી વિવિધ માર્ગો પર નીકળી હતી. તેમજ પીલુંદરા ગામે ઘરેલુ હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અંગેનો જાગૃતિ સેમિનાર યોજાયો.

**ડાંગ અને સુરેન્દ્રનગરમાં** પણ "બેટી બચાવો બેટી પઢાવો" રેલી યોજાઇ હતી, જેમાં મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ, પોલીસ વિભાગના મહિલા જવાનો, SHE-ટીમ, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, સખી વન સ્ટોપના કર્મચારીઓ તથા વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

તો **નવસારી**માં "મહિલા સુરક્ષા" થીમ ઉપર રેલી યોજાઇ.

**ગીર સોમનાથ**માં મહિલા સુરક્ષા અને સલામતી માટે વિદ્યાર્થીનીઓ દ્વારા બોક્સિંગ સહિત સ્વરક્ષણના દાવ-પેચનું નિદર્શન કરવામાં આવ્યું હતું..

ઉલ્લેખનીય છે કે, આ સપ્તાહ દરમિયાન મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો- બેટી પઢાવો, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસ ઉજવાશે,.

# GUJ. BREAST FEEDING WEEK

રાજ્યભરમાં આજથી સાત ઓગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબહેન બાબરિયાએ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે રાજ્યવ્યાપી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે જ રાજ્યભરના હૉસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં ઉચ્ચ અધિકારીઓની આગેવાનીમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે.

અ પ્રસંગે બોલતા ભાનુબહેન બાબરિયાએ જણાવ્યું કે, જન્મ બાદ માતાનું પ્રથમ ધાવણ બાળક માટે અમૃત સમાન હોય છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલમાં મહિલા દર્દીઓને સ્તનપાનના ફાયદા વિશે માહિતગાર કરી કિટ વિતરણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વિશ્વભરમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવા તેમજ બાળકોને વધુ પોષણ મળે તે અર્થે જાગૃતિ લાવવાના હેતુ સાથે વર્ષ 1992થી વિશ્વ સ્તપાન સપ્તાહની શરૂઆત કરાઈ હતી.

પાટણ તાલુકા હેલ્થ કચેરી ખાતે તેમજ મહેસાણા જીલ્લા પંચાયત ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવણી અંતર્ગત બહેનો દ્વારા બાળકના જન્મ બાદ પ્રથમ સ્તનપાન અંગે શપથ કાર્યક્રમ યોજાયો..

તાપી જીલ્લામાં જીલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં વિશ્વ સ્તનપાન સપ્તાહનો ઉદઘાટન સમારોહ યોજાયો..

# WEATHER

હવામાન વિભાગે આવતીકાલથી પાંચ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જીલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વિશે વધુ માહિતી આપે છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ...

## (બાઇટ- રામાશ્રય યાદવ)

થોડા વિરામ બાદ આજે ફરી રાજ્યમાં ઠેર ઠેર વરસાદ થયો હોવાના અહેવાલ છે. જે અંતર્ગત અમદાવાદ શહેરના થલતેજ, ઇસ્કોન, એસ.જી. હાઈવે, મણિનગર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

વલસાડ જિલ્લાના વલસાડ અને ધરમપુર તાલુકામાં 1-1 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે કપરાડા, વાપી, પારડીમાં છૂટોછવાયો વરસાદ નોંધાયો છે.

જ્યારે અમરેલી જિલ્લાના બાબરા શહેર અને ગ્રામ્ય પંથકમાં ધીમીધારે વરસાદી નોંધાયો છે. જેમાં નીલવડા, લાલકા, સુખપુર સહિતના ગામડાઓનો સમાવેશ થાય છે.

તાપી જિલ્લાના વ્યારા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ થયાના અહેવાલ છે. આ સાથે જ ઉકાઈ ડેમમાં સતત પાણીની આવક નોંધાતા ડેમની સપાટી 327 ફૂટથી વધુ થઈ છે.

# Mark Verification Application

ધોરણ- 12ની જાહેર થયેલી તમામ પ્રવાહોની પૂરક પરીક્ષાના પરિણામોની ગુણ ચકાસણી અંગેની અરજી આગામી 6 ઓગસ્ટ સુધી કરી શકાશે. અરજી કરવા ઇચ્છતા ઉમેદવારો બોર્ડની સત્તાવાર વેબસાઇટ પર છઠ્ઠી ઓગસ્ટ સુધી ઓનલાઇન અરજી કરી શકશે.

તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલ ધોરણ- 10ની અને સંસ્કૃત પ્રથમાની પૂરક પરીક્ષાના પરિણામોની ગુણચકાસણી કરવા ઇચ્છતા ઉમેદવારો બોર્ડની સત્તાવાર વેબસાઇટ પર આજથી સાતમી ઓગસ્ટે સુધી ઓનલાઇન અરજી કરી શકશે.

# NEWS IN BRIF

## અને હવે કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- ગાંધીનગર ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહાનગરપાલિકાની "સંકલન બેઠક" યોજાઈ.
- રાજ્યના સિનિયર IPS અધિકારી અને CID ઇન્ટેલિજન્સનાં એડિશનલ ડાયરેક્ટર જનરલ R. B. બ્રહ્મભટ્ટ નિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયો..
- મહીસાગર જિલ્લામાં "આપદા મિત્રો" માટે રીફ્રેશર તાલીમ યોજાઈ, જેમાં 84 જેટલા આપદા મિત્રો અને SDRF ટીમના સભ્યોને કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં રાહત અને બચાવ કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- આહવાની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે સાયબર ક્રાઇમ વિષયક તાલીમ યોજાઇ.
- સાબરકાંઠા અને દાહોદ જીલ્લામાં પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ યોજાઈ..
- પંચમહાલ જિલ્લાના રેણા ખાતે ખેતીમાં નેનો યુરિયા અને નેનો ડી.એ.પી.નો ડ્રોન દ્વારા છંટકાવ અંગે નિદર્શન યોજાયું.